Publication: Divya Bhaskar
Date: 4/5/2019
Page: 14
Column: 1-4

દિવ્ય ભાસ્કર,
divyabhaskar.com
મુંબઈ, શનિવાર, 4 મે 2019

# ગોરાઈના ગામડાનું અંધારપટ 70 વર્ષ પછી દૂર થયું

ભાસ્કર ન્યૂઝ. મુંબઈ 14/1-4



દેશની આર્થિક રાજધાની તરીકે ઓળખ ધરાવતા મુંબઈથી 20 કિલોમીટર દૂર ગોરાઈના એક ગામડામાં 70 વર્ષ પછી વીજ આવી છે. શુક્રવારે આ ગામડું પ્રકાશમય બનતાં ગ્રામવાસીઓની આંખોમાંથી અશ્રૂની ધારાઓ વહેવા લાગી હતી. વીજના અભાવે છેલ્લાં 70 વર્ષથી તબીબી સેવા, બાળકોનો અભ્યાસ સહિત ગામના રૂંધાયેલા વિકાસનો માર્ગ પણ આ સાથે ખુલ્લો થઈ ગયો છે.

ગોરાઈના આદિવાસી ગામના પરિવારોને 70 વર્ષની લાંબી વાટ જોયા પછી આખરે ગવીજ પ્રાપ્ત થતાં તેમની ખુશીનો કોઈ પાર નથી. એઈએમએલ દ્વારા ઝામજડ પાડા ગામમાં કેબલો નાખવાનું પૂર્ણ કર્યા પછી વીજ સ્થાપિત કરવામાં આવી છે. એઈએમએલની ટીમે આ વિસ્તારનાં ઘરોને શક્ય તેટલા વહેલા વીજ પુરવઠો મળે તે માટે સ્થાનિકો સાથે કામ કર્યું હતું. 3 મેના રોજ વીજળી શરૂ થતાં જ ગ્રામવાસીઓ ભેગા થયા હતા અને ઢોલનગારા સાથે નાચગાન કરીને ઉત્સવ મનાવ્યો હતો. આબાલવૃદ્ધો સૌકોઈની ખુશીનો કોઈ પાર નહોતો.

એઈએમએલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ગોરાઈના ઝામજડ પાડામાં વિદ્યુતિકરણ પૂર્ણ કર્યું તેની અમને ખુશી છે. અમે ગામના પરિવારોને મદદરૂપ થવા માટે સર્વ પ્રયાસો કર્યા હતા. આ ગામવાસીઓના ચહેરા પર વીજ આવ્યા પછી ખુશી જોઈને અમને બેહદ સંતોષ થયો છે. ગ્રાહકલક્ષી સંસ્થા તરીકે અમે અમારા બધા ગ્રાહકોને બેરોકટોક વીજ મળવાનું ચાલુ રહે તેની ખાતરી રાખવા માગીએ છીએ.

આ ટેકરી પર વસેલું ગામડું મુંબઈથી 20 કિમી દૂર છે. ઝામજડ પાડા ઘણાં વર્ષોથી વીજળી માટે સંઘર્ષ કરતું હતું. હવે વીજ આવી હોવાથી તેઓ શહેરની નજીક આવ્યા હોવાનો અનુભવ કરી શકશે અને ટાપુની પેલે પાર વીજળી ક્યારેય આવી શકશે કે કેમ તેવું તેમનું સપનું હકીકતમાં ફેરવાયું છે.

બાળકો હવે રાત્રે પણ અભ્યાસ કરી શકશે. નોકરિયાતો રાતના અંધારાનો ડર રાખ્યા વિના કામેથી મોડા આવજા કરી શકશે. આ ગામમાં તેને લીધે તબીબી સેવાઓ પણ આસાનીથી ઉપલબ્ધ થશે. વીજ મળવાથી રસ્તાનો વિકાસ થશે અને આગળ જતાં ઘણી બધી તકોનાં દ્વાર ખૂલી ગયાં છે.